ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૭૯ ટકા

# શહેરમાં ગાંધી જયંતિની ઉજવણી

## શાળા-કોલેજોમાં વિવિધ કાર્યક્રમો દ્વારા ગાંધીજીને શ્રધ્ધા સુમન અર્પણ કરાયા

●●●

**સ્માર્ટ કિડસ નર્સરી સ્કુલ**




સેકટર-૧ ખાતે કાર્યરત સ્માર્ટ કિડસ નર્સરી સ્કુલમાં ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ હંમેશા સત્ય બોલવું, એકબીજા સાથે સંપથી રહેવું, ઘરની અંદર અને બહાર સ્વચ્છતા રાખવી, ભીના અને સૂકા કચરાની માહિતી આપી સફાઈનું મહત્વ, હંમેશા મેડ ઈન ઈન્ડિયા વાપરવાનો આગ્રહ અપનાવો જોઈએ તેવું સમજાવ્યું હતું. કાલ્પનિક પાત્ર 'મુન્ના' થકી ગાંધી જયંતિની ઉજવણી કરી હતી. બાપુ સાથે દરેક બાળકોએ વાત કરી અને રાષ્ટ્રગીત ગાયું હતું.

●●●

**લાયન્સ કલબ ઓફ ગાંધીનગર**



ગાંધી જયંતિ નિમિત્તે લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સ્વચ્છતા વિષય ઉપર ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. સે-૨ સ્થિત સરકારી પ્રાથમિક શાળાના બાળકો માટે ગાંધી જયંતિની પૂર્વ સંધ્યાએ યોજાયેલી આ સ્પર્ધામાં ધો-૬ થી ૮ના ૪૧ બાળકોએ ભાગ લીધો હતો. દરેક વિજેતાને પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પીપી આરતીબેન ભટ્ટ અને પીપી મીનાક્ષીબેન જયસિંઘાણીએ સેવા આપી હતી. આ સ્પર્ધાના આયોજનમાં શાળાના આચાર્ય, શિક્ષકગણનો સહયોગ મળ્યો હતો. લાયોનેસ બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

●●●

**ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા**

ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજામાં ગાંધી જયંતિની ઉજવણી નિમિત્તે સાપ્તાહિક કાર્યક્રમોની શરૂઆત કરી હતી. જેમાં ગઈકાલે પ્રાર્થના કરી સત્યના પ્રયોગો આત્મકથાનું પઠન કર્યું હતું. મોહનમાંથી મહાત્મા, દક્ષિણ આફ્રિકાની સફરની ડોકયુમેન્ટરી ફીલ્મ યુવાનોએ જોઈ, કેમ્પસ સફાઈ કરી હતી. ગાંધીજીના પુસ્તકોની પ્રદર્શની રાખી હતી. જેથી યુવાનોને ગાંધી જીવનની વિવિધ ઘટનાઓની સમજ મળી શકે અને વાંચનથી જીજ્ઞાસાની જયોત જલે. ડૉ. સંજીવ પટેલે આ કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ડૉ. હસમુખ પંચાલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. તથા અધ્યાપકો અને વિદ્યાર્થીઓ વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થયા હતા.

●●●

**આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ**




આર.એન. પટેલમાં ધો-૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ગાંધી જયંતિ નિમિત્તે મહાત્મા ગાંધીજીની સ્મૃતિ રૂપે બાળકોમાં સંસ્કાર અને જ્ઞાનનું સિંચન થાય તે હેતુથી ઓનલાઈન અને ઓફલાઈન ભજન/ગીત, વકતવ્ય, ચિત્રની પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં ૪૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રવૃત્તિનું સંચાલન આશિષભાઈ વસાવા અને ભગવતીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

●●●

**મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરા**

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં મહાત્મા ગાંધીજીની ૧૫૨મી



જન્મજયંતીની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા ઉજવવામાં આવી. આ પ્રદર્શનમાં મહાત્મા ગાંધીજીના પુસ્તકો જેવા કે., આરોગ્યની ચાવી, મારું જીવન એ જ મારી વાણી, ગાંધી ગંગા, રચનાત્મક કાર્યક્રમ અને તેનું રહસ્ય, મોહનમાંથી મહાત્મા, ગ્રામ સ્વરાજ, હિન્દ સ્વરાજ વગેરે જેવા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના એમ કુલ ૧૫૨ પુસ્તકો ગોઠવવામાં આવ્યાં હતાં. જેનો લાભ સંકુલના વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રોએ લીધો હતો. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક શ્રી રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશ પરીખ, દિશા દવે, કિશન પંચાલ, જતીન સોલંકી, મહેન્દ્ર રહેવર અને મેહુલ રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું.

●●●

**ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ**



ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ દ્વારા ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ, સે-૧૪માં ગાંધી જયંતિ અને સંસ્થાના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અતિથિ વિશેષ તરીકે પાર્થ ઠકકર (પ્રેસ મીડિયાના અગ્રણી), આમંત્રિત મહેમાન વકતા તરીકે પ્રિન્સીપાલ હસમુખભાઈ તથા પ્રેસીડેન્ટ, ઉપપ્રમુખ સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી ટ્રેઝરર, જો. ટ્રેઝરર, બોર્ડ ઓફ ડીરેકટર, મેનેજર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંજીવ ભાકડે કર્યું હતું.

●●●

**સરકારી વિજ્ઞાન કોલેજ, સે-૧૫**

સરકારી વિજ્ઞાન કોલેજ, સે-૧૫ ખાતે રંગકલા કૌશલ્ય અંતર્ગત અહિંસા, સ્વદેશી ચળવળ, દાંડીકૂચ, સ્વચ્છતા, ગ્રામીણ વિકાસ જેવી થીમ પર પોસ્ટર મેકીંગ ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના આચાર્ય ડૉ. એમ.જી. ભટ્ટે પ્રેરણાદાયક વાતો કરી હતી. આ કાર્યક્રમ આચાર્યના માર્ગદર્શનથી સપ્તધારા સમિતિના ચેરમેન ડૉ. કે.બી. પટેલની પ્રેરણાથી ડૉ. પ્રજ્ઞાબેન પ્રજાપતિ તથા ડૉ. બિન્નીબેન કરલીકરે સફળ આયોજન કર્યું હતું તથા વિદ્યાર્થીઓએ બનાવેલ પોસ્ટર કોલેજના આચાર્ય તથા સભ્યો દ્વારા નિહાળવામાં આવ્યા હતા.

●●●

**સત્વ યોગા સ્ટુડિયો એન્ડ મેડિટેશન સેન્ટર દ્વારા 'ગાંધી પ્રસાદ'નું આયોજન કરાયું**

ગાંધી જયંતિ નિમિત્તે 'સત્વ યોગા સ્ટુડીયો એન્ડ મેડિટેશન સેન્ટર' દ્વારા નવતર કાર્યક્રમ યોજાયો હતો. વર્તમાન સમયમાં લોકોના આહાર-વિહારમાં આવેલા અનિચ્છીય બદલાવો લાંબા ગાળે સ્વાસ્થ્યને અનેક પ્રકારે જોખમમાં મુકે છે. આ હકિકતને ધ્યાનમાં રાખી પૂજય બાપુના આહાર વિષયક નિયમો તથા સૂચનાઓનું સંકલન કરી એક વિશિષ્ટ પ્રવચન 'ગાંધી-પ્રસાદ'નું આયોજન કરાયુંહતું. જેમાં ઓફલાઈન અને ઓનલાઈન મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. આનલ રાવલ દ્વારા પૂજય બાપુના આહાર વિષયક વિચારોની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. ઉપરાંત લાલ બહાદુર શાસ્ત્રીને પણ તેમની જન્મ જયંતિ નિમિત્તે શ્રધ્ધાંજલિ આપી હતી.

●●●

**સે-૧૩ના વડીલોનું સ્વચ્છતા અભિયાન**



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૨૫મી જન્મજયંતિ દેશભરમાં ઉજવવામાં આવી. સત્ય અને અહિંસા સાથે 'સ્વચ્છતા'નો પણ સંદેશ આપનાર પૂ. બાપુની જન્મજયંતિ નિમિત્તે શહેરના સે-૧૩ના સિનિયર સિટિઝન્સે તેમના વિસ્તારમાં 'સ્વચ્છતા અભિયાન'નું આયોજન કરીને નવી પેઢી માટે પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું હતું. સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કાર્ય કર્યા પછી આ વડીલોએ જીવનમાં હંમેશા સ્વચ્છતાની આદતને અપનાવવાના શપથ પણ લીધા હતા.

## આજે ઑક્ટોબર માસની પુસ્તક પરબ બલરામ મંદિરમાં યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં છેલ્લાં સાત વર્ષથી ચાલતી પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવે છે. ઑક્ટોબર માસની પુસ્તક પરબ બલરામ મંદિર, ઉમિયા મંદિર પાસે, સેક્ટર - ૧૨, ગાંધીનગરમાં તા. ૩-૧૦- ૨૦૨૧ રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન યોજાશે. આ પરબ સોશીયલ ડિસ્ટન્સના નિયમોની પૂર્ણ કાળજી સાથે યોજાશે. મુલાકાતીઓએ માસ્ક પહેરીને આવવાનું રહેશે. પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો પૈકી મુલાકાતીઓ બે પુસ્તક અને સામયિક વાંચવા લઈ જઈ શકશે.

પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા બે - ત્રણ વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે.

માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા ગાંધીનગરમાં આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. પુસ્તક પ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન સંસ્થા દ્વારા વિનંતી છે.




હીલવુડ સ્કુલની વિદ્યાર્થીની અનિકા ઉપાધ્યાય ધોરણ ૯-એ માં અભ્યાસ કરે છે. જેઓએ ખૂબ સુંદર ચિત્ર દોર્યું હતું. જેમાં 'વ્યસ્ત શહેર' પર વિદ્યાર્થીનીએ ચિત્ર બનાવ્યું હતું.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ઠાકોર પ્રહલાદજી જેણાજી, ઉ.વ. ૬૨, વજાપુરા
- સ્વ. ઠાકોર હિરાબેન ફુલાજી, ઉ.વ. ૭૨, બોરીજ નવાપરા
- સ્વ. બિહોલા મફાજી બલુજી, ઉ.વ. ૭૧, પાલજ નવા
- સ્વ. ઠાકોર વરવાજી સોમાજી, ઉ.વ. ૭૩, સે-૧૫, ફતેપુરા

## સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે નંબર પ્લેટ બનાવતી કંપનીમાં આગ






ગાંધીનગર, તા.૨

શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં વાહનોની નંબર પ્લેટ બનાવતી કંપનીમાં ગતરાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગે ગણતરીની મિનીટોમાં વિકારાળ સ્વરુપ ધારણ કરતા ધુમાડાના ગોટેગોટા દુરદુર સુધી દેખાતા હતા. આગની જવાળાઓમાં અંદર રહેલો સામાન બળીને સ્વાહા થઈ ગયો હતો. લાખો રૂપીયાના નુકશાનનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. ફાયર ટીમના જવાનોએ ૫૦ હજાર લીટરથી વધુ પાણીનો સતત મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે ૮ ડ્રમ ફાયર જવાનોએ સમય સુચકતાથી બહાર નીકાળી દેવાયા હતા. જો કે સદનસીબે આગમાં કોઈ મોટી જાનહાની થઈ ન હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૫ જીઆઈડી વિસ્તારમાં આવેલ એગ્રો ઈમ્પેકસ પ્રા.લિ કંપની બી-૬-૨ માં એચએસઆરપી નંબર પ્લેટ બનાવવાની કામગીરી ચાલે છે. કંપનીના માલિક સરલ વર્મા છે અને મેનેજર તરીકે કપિલ પોપટ ફરજ બજાવે છે. ત્યારે ગતરોજ સાડા આઠ વાગ્યાના અરસામાં કંપનીની બહાર સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવી રહ્યો હતો. તે સમયે અચાનક તેણે ધુમાડા નીકળતા જોયા હતા. જેથી તેણે આગ પર કાબુ મેળવવા માટે પ્રયત્નો કર્યા હતા. પરંતુ ગણતરીની મિનીટોમાં આગે વિકારાળ રૂપ ધારણ કરતા દુર દુર સુધી આગની જવાળા જોઈ શકાતી હતી. ફાયરની ટીમને કોલ મળતા જ ફાયર વિભાગના રાજકુમાર રાજપૂત અને ૧૫ ફાયર જવાનોના કાફલા સાથે દોડી ગયા હતા. આગ પર કાબુ મેળવવા માટે ફાયર વિભાગે ત્રણ ટેન્કર પાણીનો છંટકાવ કર્યો હતો તેમ છતા આગ કાબુમાં આવતી ન હતી. ત્યારે જીઆઈડીસીના પણ ૬ થી ૭ ટેન્કર પાણી પુરુ પાડ્યું હતું. તો બીજીતરફ કંપનીમાં રહેલા ૮ જેટલા ડ્રમને ફાયર ઓફિસર રાજકુમારે બહાર સાઈડમાં કરાવી દીધા હતા. ફાયર જવાનોએ સતત બે થી વધુ કલાક ૫૦ હજારથી વધુનો પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવતા તમામે રાહતનો શ્વાસ લીધો હતો. કંપનીમાં લાગેલી ભીષણ આગમાં નંબર પ્લેટ તૈયાર કરવાનો સામાન બળીને ખાક થઈ ગયો હતો.




ઉમીયમ પર્યાવરણ ચેરીટેબલ ટ્રસ્ટ સેકટર-૨૬ દ્વારા વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવે છે ત્યારે સફાઈ કામદારોનું ગઈ કાલે શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું. જેમાં પ્રમુખ મહેશકુમાર પુરોહિત, ખજાનચી રાજેશકુમાર પટેલ, મંત્રી મહેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## પીડીપીયુ ખાતે આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન

ગાંધીનગર, તા.૨

પીડીપીયુ ખાતે આત્મનિર્ભર ભારતની ઉજવણીની ઉદ્યોગ જગત, શિક્ષણ જગત અને સરકાર દ્વારા પ્રથમ પહેલ અનો એડિટિવ મેન્યુફેકચરિંગ અને એડવાન્સ્ડ મટિરિયલ્સ પર આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાવાની છે. જે તારીખ ૪થી ૬ના રોજ પીડીપીયુ ખાતે સવારે ૧૦.૦૦ વાગ્યે થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી છે. આ પરિષદમાં જીતુભાઈ વાઘાણી, કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહેવાના છે. ત્રણ દિવસની કોન્ફરન્સ માટે ૫૦૦થી વધુ વૈજ્ઞાનિકો ઓનલાઈન જોડાશે. આ પરિષદમાં ડૉ. એસ.કે. ઝા (ચેરમેન એન્ડ ચિફ એકસ એકયુટિવ મિશ્ર ધાતુ નિગમ લિમિટેડ, હૈદરાબાદ) અનેડૉ.દિનેશ શ્રીવાસ્તવ (ચેરમેન પરમાણું ઈંધણ ન્યુકિલઅર ફયુઅલ કોમ્પ્લેકસ) પરિષદમાં મુખ્ય વકતા રહેનાર છે.

## જન્મદિને વધામણી



**પ્રકાશ જહા**
ચીફ રીપોર્ટર
ગાંધીનગર સમાચાર
મો. ૯૦૯૯૯ ૫૧૫૭૧



**હેતલ પી પટેલ**
મો. ૯૮૨૫૨ ૯૦૩૨૨



**રાજદીપસિંહ વાઘેલા**
મો. ૭૩૮૩૭ ૪૯૭૫૬



**જયેન્દ્રસિંહ ગોહિલ**
મો. ૯૯૭૪૨ ૨૨૭૫૩



**ડિમ્પલ ગેલવાની**
મો. ૯૧૫૭૪ ૨૭૭૬૭

## નવરાત્રીના આગમનના પગલે ખરીદીમાં ધમધમાટ

### ગરબે ઘૂમવા મળશેના ઉત્સાહ સાથે ધમાકેદાર તૈયારીઓ : યુવા ખેલૈયાઓ દ્વારા ઓનલાઈન ખરીદીને પ્રાધાન્ય

ગાંધીનગર, તા.૨

કોરોનાના કેસોમાં ઘટાડો થવાથી બે વર્ષ બાદ નવરાત્રિ પર્વની સીમિત ઉજવણી કરી શકાશેનો આનંદ ખેલૈયાઓમાં જોવા મળી રહ્યો છે. રાજય સરકાર દ્વારા શેરી, મહોલ્લામાં ૪૦૦ વ્યકિતઓની મર્યાદામાં નવરાત્રી પર્વ ઉજવણીની મંજૂરી આપી છે. આથી શકિત ઉપાસકો સહિત ખેલૈયાઓમાં ખુશી વ્યાપી છે. શકિતની ભકિતના નવલા નવરાત્રિ મહોત્સવને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ગાંધીનગરમાં યુવાધનને સૌથી વધુ આકર્ષતા નવરાત્રિના આકર્ષણરૂપ વસ્ત્રો અને આભૂષણોની ખરીદી માટે બજારોમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. જો કે કોરોનાની અસરને



કારણે મોંઘવારી અને મટીરીયલ્સના ભાવમાં વધારો થતાં નવરાત્રિના વસ્ત્ર અને આભૂષણોના ભાવમાં પણ ૧૦ થી ૨૦ ટકા સુધીનો વધારો નોંધાયો છે. તેમ છતાં ખરીદીમાં કોઈ પાછીપાની જોવા મળી રહી નથી.

આ વર્ષે કોરોનાને કારણે સાર્વજનિક આયોજનો બંધ રહેતા ભાડે ડ્રેસ આપવાના વ્યવસાય પર અસર પડી શકે છે. આ વ્યવસાય પર અનેક શ્રમજીવી પરિવારો નિર્ભર હોય છે. નવરાત્રી મહોત્સવ દરમિયાન શેરી ગરબામાં વિવિધ જાતના વસ્ત્રો અને આભૂષણો પહેરીને યુવાનોએ રાસ ગરબાના ગ્રુપમાં જોડાવવા માટેની આગોતરી તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેમાં ગાંધીનગરના બજારોમાં ડિઝાઈનર આભૂષણો અને વસ્ત્રોની ખરીદીની ભીડ ક્રમશઃ વધી રહ્યાનું જોવા મળી રહ્યું છે.

બીજી તરફ નવરાત્રિના વસ્ત્રો અને આભૂષણોનું માર્કેટ સોશ્યલ મીડિયા પર પણ વાયરલ થતા યુવા વર્ગ દ્વારા ઓનલાઈન ખરીદી અને પેમેન્ટ પણ નેટબેંકીંગ મારફત થઈ રહ્યું છે. અમદાવાદના લાલ દરવાજા વિસ્તારમાં નવરાત્રિના વસ્ત્રો અને આભૂષણોનું વેચાણ સૌથી વધારે થાય છે. ગયા બે વર્ષ દરમિયાન આ વેપારીઓને ઘણું નુકસાન થયું હતું પરંતુ આ વર્ષે નવરાત્રિ પ્રેમીઓ નવરાત્રિ આભૂષણો અને વસ્ત્રોની ખરીદી કરતા વેપારીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વર્ષે કોરોનાને કારણે પ્રોફેશનલના બદલે શેરી ગરબાની છૂટ મળતા ખેલૈયાઓના વિવિધ ગ્રુપોમાં નવરાત્રિને ખરા અર્થમાં ન માણી શકવાનો રંજ પણ જોવા મળી રહ્યો છે.